# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/27 Dt. 04/07/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## દેશના SME સેક્ટરમાં 3 કરોડથી વધુ મહિલાઓ વ્યવસાયક્ષેત્રે સક્રિય, કુલ હિસ્સો 11% અને 2 કરોડને રોજગારી: પૂર્વ કેબિનેટ મંત્રી સ્મૃતિ ઈરાની

### મહિલાઓ વ્હોટ્સએપ બિઝનેસ એપ થકી રૂ. 8,300 કરોડ અને ઇન્સ્ટાગ્રામથી રૂ. 16,000 કરોડનો વેપાર કરી રહી છે

### સરસાણા ખાતે SGCCI લેડીઝ વિંગ દ્વારા 'સશક્ત નારી, સશક્ત રાષ્ટ્ર' વિષય પર વિશેષ સેમિનાર યોજાયો

### નારી શક્તિ આર્થિક-સામાજિક રીતે સશક્ત બનશે તો જ 'વિકસિત ભારત'નું સપનું સાકાર થશે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશ અને મેયર માયા માવાણીની પ્રેરણાદાયી હાજરી

### સુરતની 20 મહિલા સાહસિકોને દિલ્હીના 'ભારતીય વેપાર મહોત્સવ'માં નિઃશુલ્ક સ્ટોલ મળશે: સાંસદ પ્રવીણ ખંડેલવાલની જાહેરાત

સુરત, : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની લેડીઝ વિંગ દ્વારા શનિવાર, તા. ૦૪ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે સરસાણા સ્થિત 'ઉષાકાંત મારફતિયા હોલ' ખાતે 'સશક્ત નારી, સશક્ત રાષ્ટ્રઃ સ્ટોરી, સ્ટ્રેટેજી અને એક નવો પ્રવાહ' વિષય પર એક ભવ્ય અને પ્રેરણાદાયી સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભારત સરકારનાં પૂર્વ કેબિનેટ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે ડિજિટલ યુગમાં મહિલા ઉદ્યોગસાહસિકોની વધતી આર્થિક તાકાતના આંકડા રજૂ કરી માર્ગદર્શન આપ્યું હતું.

## ડિજિટલ પ્લેટફોર્મ મહિલાઓ માટે વરદાન: સ્મૃતિ ઈરાની

પૂર્વ કેબિનેટ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ આંકડાકીય વિગતો આપતા જણાવ્યું હતું કે, "દેશમાં સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (SME) સેક્ટરમાં 3 કરોડથી વધુ મહિલાઓ સફળતાપૂર્વક બિઝનેસ કરી રહી છે. કુલ SME બિઝનેસમાં મહિલાઓની ભાગીદારી 11% છે, જેના થકી આશરે 2 કરોડ લોકોને રોજગારી મળી રહી છે. આ સિવાય ઇન્ફોર્મલ (અનૌપચારિક) બિઝનેસમાં મહિલાઓનો હિસ્સો 70% જેટલો મોટો છે."

સોશિયલ મીડિયાના વ્યાપારી ઉપયોગ અંગે તેમણે ઉમેર્યું કે, દેશમાં 8 કરોડ લોકો વ્હોટ્સએપ બિઝનેસ એપનો ઉપયોગ કરીને રૂ. 8,300 કરોડનો અને ઇન્સ્ટાગ્રામના માધ્યમથી રૂ. 16,000 કરોડનો બિઝનેસ કરી રહ્યા છે, જેમાં મહિલાઓ અગ્રેસર છે. દ્રઢ ઇચ્છાશક્તિથી બધું જ શક્ય છે અને મહિલાઓએ પોતાની આંતરિક પ્રતિભાને ઓળખવી જોઇએ. સ્પાર્ક ગ્રુપ જેવી સંસ્થાઓ મહિલાઓને અંગ્રેજી ભાષા, ડિજિટલ માર્કેટિંગ અને એકાઉન્ટ્સની સમજ આપવામાં મોટી મદદ કરી શકે છે.

## નારી શક્તિના ઉત્થાન વિના 5 ટ્રિલિયન ઇકોનોમી અશક્ય: પ્રમુખ અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "ચેમ્બર હંમેશાં એ વાતમાં દ્રઢપણે માને છે કે જ્યાં સુધી દેશની અડધી આબાદી એટલે કે આપણી નારી શક્તિ આર્થિક અને સામાજિક રીતે સશક્ત નહીં બને, ત્યાં સુધી ભારતને 5 ટ્રિલિયન ઇકોનોમી કે વિકસિત ભારત બનાવવાનું સપનું અધૂરું રહેશે. નવી શરૂઆત કરનાર મહિલાઓને યોગ્ય પ્રેરણા, માર્ગદર્શન અને બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજી પૂરી પાડવા ચેમ્બર સદા તત્પર છે."

## દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધવી જોઈએ: અગ્રણીઓ

પૂર્વ કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું કે મહિલાઓ વધુને વધુ આત્મનિર્ભર બને તે માટે મહિલા સાહસિકો સરકારી 'જેમ' (GeM) પોર્ટલ પર રજિસ્ટર્ડ થાય તે અત્યંત મહત્વનું છે. સુરત શહેરના મેયર શ્રીમતી માયાબેન માવાણીએ સ્વામી વિવેકાનંદના વિચારોને ટાંકીને જણાવ્યું કે સમાજની સ્થિતિ સુધારવા માટે સૌપ્રથમ મહિલાઓની સ્થિતિ સુધારવી પડશે. તેમણે સુરત મહાનગર પાલિકા અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન લોકસભાના સાંસદ શ્રી પ્રવીણ ખંડેલવાલે એક મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સની 10 ઉદ્યોગસાહસિક મહિલાઓ અને સુરત મનપાના સખી મંડળની 10 બહેનોને આગામી તા. 12 થી 15 ઓગસ્ટ 2026 દરમિયાન યોજાનારા 'ભારતીય વેપાર મહોત્સવ'માં નિઃશુલ્ક સ્ટોલ રાખવા મળશે, જેની સંપૂર્ણ ફીની ચૂકવણી 'કેટ' (CAIT) સંસ્થા દ્વારા કરવામાં આવશે.

આ સેશનમાં લોકસભાના સાંસદ શ્રી પ્રવીણ ખંડેલવાલ, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ગ્રૂપ ચેરપર્સન ડૉ. પારૂલ વડગામા તેમજ લેડીઝ વિંગના સભ્ય શ્રીમતી પારૂલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા લેડીઝ વિંગનાં ચેરપર્સન શ્રીમતી અલ્પા મદ્રાસીએ આપી હતી, સંચાલન શ્રીમતી શ્રદ્ધા શાહે કર્યું હતું અને અંતમાં શ્રીમતી ગીતા લાઠિયાએ આભારવિધિ વ્યક્ત કરી હતી.